# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-07-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો : વંચિતો સુધી સરકારની જન કલ્યાણની યોજનાઓ પહોંચાડવાની નેમ વ્યકત કરી.
2) મુખ્યમંત્રીએ ગાંધીનગર ખાતે 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર 'નું લોકાર્પણ કર્યું - આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી માટે હેલ્પલાઇન નંબર ૧૦૪ કાર્યરત કરાયો
3) રાજકોટ જિલ્લાનાં પ્રસિદ્ધ યાત્રાધામ ઘેલા સોમનાથ મહાદેવ મંદિરનો 10 કરોડ રૂપિયાનાં ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવશે.
4) છેલ્લા એક વર્ષમાં ૧૬ લાખથી વધુ દિવ્યાંગ મુસાફરો એ એસટીમાં વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો
5) જુલાઈ મહિનામાં રાજ્યમાં સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદની આગાહી

-----------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# JAN SURAKSHA SANTRUPTI ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે , વંચિત લોકોને સરકારની જન કલ્યાણની યોજનાઓના લાભ પહોંચાડવાની સરકારની સામાજિક ફરજ છે.

આજે ગાંધીનગરમાં જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા જણાવ્યું કે સરકાર લાભાર્થીઓના ઘરે સામે ચાલીને જાય છે અને તેમને મળવાપાત્ર સામાજિક-આર્થિક સુરક્ષા યોજનાઓના લાભ પહોંચાડે છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

(VOICE CAST ANIL PATEL JANSURAKSHA ABHIYAN)

નાગરિકોના સુરક્ષિત અને ગરિમાપૂર્ણ જીવન માટેની વિવિધ જન સુરક્ષા યોજનાઓના લાભ તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડવાના લક્ષ્ય સાથે આજે જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો.

કેન્દ્ર સરકારની નાણાંકીય યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવાનાં લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવેલું દેશવ્યાપી અભિયાન ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. આ અભિયાન હેઠળ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના , પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના , અટલ પેન્શન યોજના, પુખ્ત વયના લોકો માટે જન ધન ખાતા ખોલવવા , હાલના જન ધન ખાતાઓ માટે ફરીથી KYC પૂર્ણ કરવું અને ડિજિટલ છેતરપિંડી અટકાવવા જેવા વિષયો ને આવરી લેવાશે.

નાણાં વિભાગના અગ્ર સચિવ શ્રી ટી. નટરાજને કહ્યું કે , રાજ્યમાં ૧.૯૩ કરોડ જનધન ખાતા ખોલવામાં આવ્યા છે અને 1.92 કરોડ લોકોએ પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજનાનો લાભ લીધો છે. આ પ્રસંગે નાણા મંત્રી કનુ દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા.

અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

. . . . . . .

# AROGYA SAMIKSHA KENDRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર'નું લોકાર્પણ કર્યું હતું.

આજે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ પ્રસંગે સ્થાપિત આરોગ્ય સમીક્ષા કેન્દ્રમાં આરોગ્ય વિષયક સેવાઓ, યોજનાઓ, કાર્યક્રમોની સર્વગ્રાહી સમીક્ષા અને મૂલ્યાંકન એક જ સ્થળે શક્ય બનશે. આ કેન્દ્રમાં આરોગ્યલક્ષી કાર્યક્રમોની સમીક્ષા કરવા સંકલિત ડિજિટલ ડેટાબેઝ અને ડેશબોર્ડની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે.

આ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપીઃ

(BYTE -- RUSHIKESH PATEL, AROYGA SAMIKHA KENDRA)

આ પ્રસંગે આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી તથા સ્વાસ્થ્ય સબંધી કોઈ પણ સલાહ, સૂચન કે પરામર્શ મળી રહે તે માટે હેલ્પલાઇન નંબર ૧૦૪ કાર્યરત કરવામાં આવ્યો છે, તેમજ PMJAY હેલ્પલાઇન પણ શરૂ કરવામાં આવી છે.

આરોગ્ય સમીક્ષા કેન્દ્ર ખાતે કાઉન્સેલિંગ , ટેલિમેડિકલ એડવાઈઝ , રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેનાં આયુષ સૂચનો , ઘેર બેઠા દર્દીનું તબીબ સાથે કોન્ફરન્સીંગ કોલ થકી કન્સલ્ટેશન , મેડિસીન,લેબ ટેસ્ટ અને SMS દ્વારા ઈ-પ્રિસ્ક્રીપ્શન સુવિધા પૂરી પાડવામાં આવશે.

. . . . . . . . . .

# TAX DEPARTMENT LOGO LAUNCH

આજે GST દિવસ નિમિત્તે નાણા મંત્રી કનુભાઈ દેસાઈનાં હસ્તે ગુજરાત રાજ્ય કરવેરા વિભાગનો નવો અધિકૃત લોગો જાહેર કરવામાં આવ્યો. આ લોગો ડિજિટલ શાસનના યુગમાં મજબૂત , કાર્યક્ષમ અને કરદાતા માટે અનુકુળ વ્યવસ્થાતંત્રનું નિર્માણ કરવા માટે વિભાગનાં અભિયાનને પ્રતિબિંબિત કરે છે.

શ્રી દેસાઇએ રાજ્ય કર વિભાગનો વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો વાર્ષિક અહેવાલ પણ પ્રકાશિત કર્યો હતો. આ અહેવાલ નાણા વિભાગની કાર્યક્ષમતા , આવક, સુધારાઓ અને વિવિધ મહત્વપૂર્ણ માપદંડો પર કરવામાં આવેલી વિશિષ્ટ કામગીરીનું દસ્તાવેજીકરણ કરે છે.

. . . . . . . . . . . . .

# GHELA SOMNAATH

રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાનાં પ્રસિદ્ધ યાત્રાધામ અને ઐતિહાસિક શૌર્યના પ્રતીક સમાન ‘ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ’નું ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે જીર્ણોદ્ધારની સાથે નવીનીકરણ કરાશે.

આ મંદિરમાં અંદાજે 4 કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક લેઝર લાઇટ એન્ડ સાઉન્ડ શો શરૂ થશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંદાજે 6 કરોડ રૂપિયાના ખર્ચે મંદિરનું મુખ્ય દ્વાર , યજ્ઞશાળાનું પુનર્નિર્માણ, મંદિરની આજુબાજુ પાક્કા માર્ગો , શોપિંગ મોલ , લેન્ડસ્કેપિંગ , બગીચા જેવા અનેક પ્રકારના આધુનિકીકરણ અને નવીનીકરણ કાર્યો હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત શ્રદ્ધાળુઓ માટે સ્નાન ઘાટ, ચેન્જિંગ રૂમ, પાર્કિંગ, શોપિંગ સેન્ટર, મંદિરથી ઘાટ સુધી જવા માટે પાથ વે જેવી સુવિધાઓ ઊભી કરાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# SABAR DAIRY

સાબરકાંઠા તેમજ અરવલ્લી જિલ્લાની સાબર ડેરીએ આજે સાબરદાણમાં પ્રતિ બોરીએ 50 રૂપિયાનો ઘટાડો જાહેર કર્યો છે. આ ઘટાડાથી સાડા ત્રણ લાખ પશુપાલકો અને ખેડૂતોને પ્રતિ દિવસ 7 થી 8 લાખ રૂપિયા જેટલો ફાયદો થશે તેમજ એક મહિનામાં અઢી કરોડથી વધારાની રકમનો ફાયદો થશે.

આ વિષે વધુ માહિતી આપી રહ્યા છે સાબર ડેરીના વહીવટી નિયામક સુભાષચંદ્ર પટેલ..

**(બાઈટ: સુભાષચંદ્ર પટેલ, એમ.ડી, સાબર ડેરી )**

. . . . . . . . . . . .

# ANGDAAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગયા સપ્તાહે 198મું અંગદાન થયું છે.

પશ્ચિમ બંગાળની એક મહિલાને મગજમાં હેમરેજને લીધે અહીની સિવિલ હોસ્પિટલ લવાયા હતા. સઘન સારવારના અંતે તેમને હોસ્પિટલના તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરાતા હોસ્પિટલની અંગદાન ટીમ દ્વારા દર્દીના સ્વજનોને અંગ દાન અંગે સમજ અપાતાં મૃત મહિલાનું એક લીવર તેમજ બે કીડનીને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા. બે આંખોનું પણ દાન મળતા એમ એન્ડ જે આંખની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવી હતી.

અત્યાર સુધી સિવિલ હોસ્પિટલ દ્વારા કુલ  648 અંગોનું દાન મળ્યું છે જેના થકી 629 લોકોને નવજીવન મળ્યું છે.

. . . . . . . . . . .

# GSRTC-FREE TRAVEL

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ- GSRTC દ્વારા છેલ્લા એક વર્ષમાં 96 લાખથી વધુ દિવ્યાંગ મુસાફરો અને 13 લાખથી વધુ તેમના સહાયકોએ વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ભાડા પેટે નિગમને ૭૫ કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી હતી તેમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે સામાજિક અને ન્યાય અધિકારિકતા વિભાગ દ્વારા વિવિધ પાંચ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા મુસાફરો અને તેમના સહાયકો માટે એસ.ટી. બસમાં ૧૦૦ ટકા વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા આવી રહ્યો છે.

. . . . . . . . . . . . .

# BHUJ DRIVING TEST

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી , ભુજમાં ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પર મેઇન્ટેનન્સની કામગીરી ચાલુ હોવાથી આવતી કાલે  ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટેનાં ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાની કામગીરી બંધ રહેશે તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ભુજની અખબારી યાદીમાં જણાવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . .

# DOCTORS DAY CELEBRATION-AMBAJI

ડોક્ટર્સ ડે ની ઉજવણી નિમિત્તે આજે અંબાજી ખાતે અંગદાન અને રક્તદાન માટે જાગૃતિ અભિયાન યોજાયું . આ કાર્યક્રમમાં ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ.અનિલ નાયકે અંગદાન માટે ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતા તેમજ વધુમાં વધુ લોકો અંગદાન કરે અને કોઈનું પણ મૃત્યુ અંગના અભાવના કારણે ન થાય તેવી આશા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં ૩૫થી વધુ લોહીની બોટલો એકત્રિત કરવામાં આવી હતી જ્યારે ૧૫૦ થી પણ વધુ લોકોએ અંગદાનનો સંકલ્પ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# WEATHER RAIN

રાજ્યમાં આજે સવારથી છ વાગ્યા સુધીમાં 45 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો છે. સૌથી વધુ. સાડા ત્રણ ઇંચ વરસાદ કપરાડા તાલુકામાં પડ્યો છે. રાજ્યમાં આ મોસમમાં અત્યાર સુધી 34 ટકા સરેરાશ વરસાદ પડ્યો છે. હાલની સ્થિતિએ 15 ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે, જ્યારે 37 ડેમ 70થી 100 ટકા ભરાયા છે.

આજે વેધર વોચ ગ્રુપની મળેલી બેઠકમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે , જિલ્લામાં છેલ્લા 24 કલાકથી પડી રહેલા વરસાદને પગલે ગ્રામીણ વિસ્તારોનું જનજીવન પ્રભાવિત થયું છે.

દરમિયાન, હવામાન વિભાગે રાજ્યમાં જુલાઈ મહિનામાં સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. બનાસકાંઠા અને કચ્છનાં ઉત્તર ભાગમાં સામાન્યથી ઓછો વરસાદ થવાની શક્યતા છે. પરંતુ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક સામાન્યથી વધુ વરસાદ થાય તેવી શક્યતા છે.

આ અંગે હવામાન વિભાગનાં નિયામક ડોક્ટર એ કે દાસે વધુ માહિતી આપીઃ

**(BYTE DR A K DAS)**

. . . . . . . . .